સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના
વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ લોનમાં વધારો
કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૩/૮૭૨૬૪૦/અ
સચિવાલય,ગાંધીનગર.
તા. ૧/૮/૨૦૧૪

વંચાણે લીધાઃ-

(૧) સા.ન્યા.અને અ.વિ.ના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૨૦૦૦/ન.બા.૧/અ, તા.3/૧૨/૨૦૦૧
(૨) સા.ન્યા.અને અ.વિ.ના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૫૨૦૦૫/ન.બા.૬/અ, તા.૨૩/3/૨૦૦૭
(૩) સા.ન્યા.અને અ.વિ.ના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૩૦૬/મં.૨૯/ગ, તા.૨૦/૧૦/૨૦૦૮
(૪) સા.ન્યા.અને અ.વિ.ના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૪૦૭/૧૬૩૬/અ, તા.3/૧૧/૨૦૦૯
(૫) સા.ન્યા.અને અ.વિ.ના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૫૨૦૧૨/૨૦૬૨૯૬/અ, તા.૨૮/૮/૨૦૧૨
(૬) સા.ન્યા.અને અ.વિ.ના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૨૨૦૧૩/૧૦૮૨૭૫/અ, તા.30/૬/૨૦૧૩
(૭) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાનો તા.3/૫/૨૦૧૪ના પત્રક્રમાંકઃવિજાક/ શિક્ષણ/ ન.બા./ ૨૦૧૪-૧૫/૧૦૯૮

ઠરાવઃ-

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના લોકોની આર્થિક પરિસ્થિતિના કારણે તેજસ્વી કારકીર્દી ધરાવતા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જઇ શકતા નથી. આથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા ઉત્સુક વિદ્યાર્થીઓને તે માટે લોન આપવાની રાજ્ય સરકારની યોજના વંચાણમાં લીધેલ ક્રમાંકઃ(૧) માં દર્શાવેલ વિભાગના તા.3/૧૨/૨૦૦૧ ના ઠરાવથી અમલમાં છે. વંચાણમાં લીધેલ ક્રમાંકઃ(૨)માં દર્શાવેલ વિભાગના તા.૨૩/3/૨૦૦૭ના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા ઇચ્છુક વિદ્યાર્થીઓને આપવામાં આવતી રૂ.૫.૦૦ લાખની લોનમાં વધારો કરી રૂ.૧૦.૦૦ લાખ કરવામાં આવેલ છે. ક્રમાંક(૭) માં દર્શાવેલ નિયામકશ્રી (વિ.જા)ના પત્રથી સદરહુ રકમ રૂ.૧૦.૦૦ લાખથી વધારી રૂ.૧૫.૦૦ લાખ કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા ઇચ્છુક વિદ્યાર્થીઓને આપવામાં આવતી રૂ.૧૦.૦૦ લાખની લોનમાં વધારો કરી રૂ.૧૫.૦૦ લાખ કરવા ના કારણે લોનની રકમમાં રૂ.૫.૦૦ લાખ લેખે અંદાજિત ૪૦ વિદ્યાર્થી માટે વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ.૨૦૦.૦૦ લાખ(અંકે રૂપિયા બસો લાખ પુરા) ની જોગવાઇનો ખર્ચ કરવા નીચેની શરતોએ આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાના રહેશ.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ યોજના હેઠળ ક્વોલીટી ઓફ યુનીવર્સીટીની ખાત્રી કરી યુનીવર્સીટી નિયત કરી તે યુનીવર્સીટી માટે જ સહાય ચૂકવવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માગણી ક્રમાંકઃ૯૨, મુખ્ય સદરઃ૨૨૨૫ અનુસૂચિત જાતિ,અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ ગૌણ સદરઃ૮૦૦ અન્ય ખર્ચ, પેટા મુખ્ય સદરઃ૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, પેટા સદરઃ૦૬ બીકેસી ૯૯ વિદેશ ઉચ્ચ અભ્યાસ કરવા માટે વિદ્યાર્થીઓને લોન(સા.શૈ.પ.વ.) હેઠળ ઉધારવાના રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્રસચિવશ્રી(નાણા) ની તા.૨૪/૬/૨૦૧૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જે.વી.દેસાઇ)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય ,ગાંધીનગર.

નકલ રવાનાઃ-

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૧ , સચિવાલય,ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૨ , સચિવાલય,ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ.. ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીરી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- તમામ જિલ્લા નાયબ નિયામક/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.).
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.) સચિવાલય,ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ શાખા/ના.સે.અધિશ્રી.